## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



શંભુભાઈ વિઠ્ઠલદાસ પટેલ
(૧૯૫૩)ફોન : ૨૩૨૩૯૩૦૩


## આજે મુખ્યમંત્રી વડાપ્રધાનની અધ્યક્ષતામાં આંતરિક સલામતી માટેની રાષ્ટ્રીય પરિષદમાં ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૧૬ એપ્રિલ, સોમવારના રોજ નવી દિલ્હી ખાતે વડાપ્રધાન શ્રી ડો.મનમોહનસિંહની અધ્યક્ષતામાં મળનારી આંતરિક સલામતી માટેની રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓની રાષ્ટ્રીય પરિષદમાં ઉપસ્થિત રહેશે.

## મેઘરજના સૌંદર્યો ગામે અનેક ભગવાનની ખંડીત થયેલી મૂર્તિઓ ધૂળ ખાતાં તાલુકાના રહીશોમાં ઉગ્ર રોષ

રાજસ્થાનની સરહદે અડીને આવેલ મેઘરજ તાલુકાના સરહદી ગામની પ્રાથમિક શાળામાં હજારો વર્ષ પૌરાણિક હનુમાનજી, શિવ પાર્વતી જેવી સંખ્યાબંધ ખંડીત થયેલી મૂર્તિઓ ધૂળ ખાતા તાલુકાની ધર્મપ્રેમી જનતામાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ છે. અને પુરાતત્ત્વ વિભાગ આ મૂર્તિઓનું તાકીદે સમારકામ કરાવે તેવી માંગણી કરી રહ્યા છે.

રાજસ્થાન પંચમહાલની સરહદે અડીને આવેલો મેઘરજ તાલુકો પૌરાણિક સ્થાપત્ય માટે સમૃધ્ધ છે. મેઘરજથી રાજસ્થાન તરફની પૂર્વ પટ્ટીમાં સંખ્યાબંધ પૌરાણિક મંદિરો ભસ્મ હાલમાં અને જમીનમાં છવાઈને ટેકરા થી ગયેલા જોવા મળે છે તો બીજી તરફ આ મૂર્તિઓ કોઈક કોઈક વાર ખેતરોમાંથી કે માટીની ટેકરીઓ વચ્ચેથી નિકળતી જોવા મળે છે તો ઉન્ડવા માર્ગ ઉપર ઉંચી ટેકરીઓ ઉપર આવેલા સૌંદર્યો ગામની સીમમાં એક પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં પડી રહેલી પૂરા કદની એટલે કે ૬ ફુટ ઉંચાઈ ધરાવતી હજારો વર્ષ પૌરાણિક હનુમાનજીની મૂર્તિ ખંડીત થયેલી મૂળ અવસ્થામાં જોવા મળી રહી છે.



ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારના મુખ્ય જંકશન મથક ગણાતા ચિલોડા સર્કલે ૦ થી ૫ વર્ષના નાના બાળકોને પલ્સ પોલિયોના બે ટીપાં પીવડાવતો કાર્યક્રમ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા ૧૫મી એપ્રિલના રોજ યોજાઈ ગયો. નિયત સમયાનુસાર નર્સિંગના અભ્યાસક્રમમાં જોડાયેલી તાલીમાર્થી બહેનોએ ચિલોડા પોલીસ સ્ટેશનની સામે આવેલા હિંમતનગર જવાના મુખ્ય બસ સ્ટોપ નજીક પલ્સ પોલિયોના બે ટીપાં નાના નાના ભૂલકાંઓને પીવડાવી પોલિયો નાબુદી કાર્યક્રમમાં સુંદર કામગીરી બજાવી હતી. તાલીમાર્થી બહેનોએ ચિલોડા સર્કલે અવર-જવર કરતી અસંખ્ય માતાઓના બાળકોને બે ટીપાં પોલિયો રસીનાં પીવડાવી પોલિયોના રાક્ષસને મૂળમાંથી દૂર કરવાના સઘન પ્રયાસો હાથ ધર્યા હતાં.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ગુજરાતમાં જળસંચયની-ક્રાંતિની સફળતાને પગલે જળસિંચનનું અભિયાન ઉપાડયું છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૫

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ઈઝરાયેલની ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય જળસિંચન ક્ષેત્રની કંપની નેટાફિમ ઈરિગેશનના નવા પ્લાન્ટનું મધ્ય ગુજરાતના સાવલીમાં ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતે જળસંચય અભિયાનની સફળતાને પગલે હવે જળ સિંચનનું અભિયાન ઉપાડયું છે.

આગામી એક વર્ષમાં જ ગુજરાતમાં દશ લાખ હેકટર ખેતીની જમીન માઈક્રો ઈરિગેશન હેઠળ આવી જશે, એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે રૂા. ૪૦૦ કરોડ માઈક્રો ઈરિગેશન હેઠળ વધુ સવા બે લાખ હેકટર ખેતીની જમીનને આવરી લેવાશે તેમ ઉમેર્યું હતું.

માઈક્રો ઈરિગેશન ક્ષેત્રે કૃષિ વિકાસ માટેની એગ્રોટેકનો વડોદરા જિલ્લાના સાવલીમાં મેન્યુફેકચરિંગ પ્લાન્ટ નેટાફિમ કંપની દ્વારા ૨૦૦૧થી કાર્યરત છે અને આજે બીજો સુવિધાપૂર્ણ પ્લાન્ટ કાર્યાન્વિત કર્યો છે. જેનું ઉદ્‌ઘાટન ઈઝરાયેલના ભારતસ્થિત નાયબ રાજદૂતશ્રીની ઉપસ્થિતિમાં કર્યું હતું.

રણપ્રદેશ ઈઝરાયેલ પાણીના અભાવ વચ્ચે કૃષિ વિકાસની અપ્રતિમની સિદ્ધિઓ હાંસલ કરી છે તે ઈઝરાયેલની જળવ્યવસ્થાપનની વૈજ્ઞાનિક સંશોધનોની સાચી દિશા બતાવે છે, તેની ગૌરવભેર ભૂમિકા આપી મુખ્યમંત્રીશ્રીએ તેમના ઈઝરાયેલ પ્રવાસના સંભારણાં વર્ણવતાં જણાવ્યું કે જીવનશૈલીમાં પાણી અને કૃષિનું



મહાત્મ્ય ઈઝરાયેલે આત્મસાત્ કર્યું છે.

ગુજરાતની સ્થાપના પછી ખેડૂતોને ખેતી માટે પાણી નહીં પણ વીજળીના ખોટા રવાડે ચડાવી દીધા તેના કારણે રાજયના ખેડૂતો પાયમાલ થઈ ગયા તેની દાસ્તાન વર્ણાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખેડૂતને ખેતી માટે વીજળી નહીં પાણી જોઈએ એની સાચી દિશા અપનાવવા આ સરકારની ઉપર ભરોસો મૂકયો અને જળસંચય અભિયાનથી છ લાખ જેટલા વરસાદના પાણી રોકવા અને જમીનમાં ઉતારવાના માળખા ભા કર્યાં એનું પરિણામ એ આવ્યું કે આખા દેશમાં જમીનમાં ભૂગર્ભ જળ સપાટી ડે જઈ રહી હતી જયારે એકમાત્ર ગુજરાત એવું છે જેમાં ત્રણ થી તેર મીટર પાણીની સપાટી ઉપર આવી છે, ગુજરાતની આ જળસંચય ક્રાંતિની સફળતા ભારત સરકારના અહેવાલમાં પ્રકાશિત થયેલી છે.

# ગુજરાતનાં ૬૦૦ મેગા વોટના સૌર વીજ મથકોનું ૧૯મીએ લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૫

તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૨ના રોજ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના ચારણકા ગામ ખાતેથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૬૦૦ મેગા વોટનાં સૌર વિજ મથકો રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. આણંદ, બનાસકાંઠા, જામનગર, જૂનાગઢ, કચ્છ, પોરબંદર, રાજકોટ, સુરત અને સુરેન્દ્રનગરમાં વિકસાવાયેલ સોલર પાવર પ્રોજેક્ટ્સ પણ આ પ્રસંગે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચીન, જર્મની, ઈટાલી, હોંગકોંગ, સિંગાપુર, યુ.કે. અને અમેરિકાના આંતરરાષ્ટ્રીય ડેલીગેટસ પણ આ સમારંભમાં હાજરી આપશે.

માત્ર એક વર્ષના ગાળામાં જ ૬૦૦ મેગા વોટમાં વિજ મથકો સ્થાપી તેને રાષ્ટ્રને સમર્પિત કરવાની આ સિદ્ધિ ગ્લોબલ વોર્મિંગ સામેની સકારાત્મક કામગીરીનું આદર્શ ઉદાહરણ છે. આ સોલર પાર્કની કુલ ક્ષમતા ૨૧૪ મેગા વોટની છે અને આટલા મેગાવોટના સોલર પ્લાન્ટ્સ એક જ સ્થળે સ્થાપવામાં આવ્યા છે. ગુજરાત સોલર પાર્ક એ રાજ્યમાં સૌર એકમોની સ્થાપનાને પ્રોત્સાહિત કરી શકાય તે માટેનો ગુજરાત સરકારનો નવતર અભિગમ છે. સૌર વિજ ઝડપભેર-સરળતાથી સ્થાપી શકાય તે હેતુથી ગુજરાત સરકારે ગ્રીડમાં વિજળી નાખવાના સહિતના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રકચર તથા રસ્તા-પાણીની સુવિધા સહિતની સગવડો ધરાવતી વિકસિત જમીન ડેવલપર્સને ફાળવી છે.

૬૦૦ મેગા વોટના સૌર વિજમથકો રાષ્ટ્રને સમર્પિત કરવાના કાર્યક્રમ પછી મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે, તા. ૨૦ અને ૨૧ એપ્રિલ ૨૦૧૨ના રોજ 'ઈન્ડિયન સોલર ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટેકનોલોજી સમિટ અને પ્રદર્શન' યોજાશે. આ સમિટમાં ભારત અને વિદેશના વક્તાએ અને ડેલિગેટસ મોટી સંખ્યામાં હાજરી આપશે. સમિટમાં ગ્લોબલ સોલાર માર્કેટ, ભારતમાં મૂડી રોકાણની તકો, સોલાર ઉદ્યોગ માટે ફાયનાન્સીંગ, ટેકનોલોજીનો ઉપયોગ, સફળ પ્રોજેક્ટસ માટે માળખાગત સુવિધાઓ અને ઈનોવેશન, સોલાર આર એન્ડ ડી અને ટેકનોલોજી વિકસાવવા અંગેની સંભાવનાઓ તથા ભારતમાં સોલાર સેકટરનું ભાવિ જેવા વિષયો અંગે બેઠકો અને ચર્ચાઓ યોજવામાં આવશે. આ સાથે સોલાર ઈન્વેસ્ટમેન્ટ ટેકનોલોજી સમીટ અંગેનો કાર્યક્રમ પણ સામેલ છે.

જાન્યુઆરી, ૨૦૦૯માં ભારતની સૌ પ્રથમ સૌર ઉર્જા નીતિની જાહેરાત કરીને ગુજરાત સરકારે ગ્લોબલ વોર્મિંગ સામે તથા ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યુધ્ધના ધોરણે પગલાં લેવાની પહેલ કરી હતી. રાજ્યે સૌર ઉર્જા નીતિ હેઠળ ૯૬૮.૫ મેગા વોટ સૌર ઉર્જા પ્રોજેકટસ માટે સમજૂતિ કરારો કર્યા હતા અને વિશ્વનો સૌથી મોટો સૌર ઉર્જા પાર્ક સ્થાપવાના દ્રઢ નિર્ધાર સાથે આ સોલાર પાર્ક સ્થાપવા માટે કેટલાંક પગલાં લીધા હતા. ડિસેમ્બર, ૨૦૧૦માં આ સોલાર પાર્ક માટે શિલારોપણ વિધી કરવામાં આવી હતી.

## ભારે મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારોમાં લગ્નસરાની મૉસમ વચ્ચે પણ મતદારોએ મતદાન માટેનો ઉત્સાહ દાખવ્યો હતો. જિલ્લામાં આજે મતદાન દરમ્યાન કોઈ જ અજુગતો બનાવ બનવા પામ્યો નથી.

કલોલ અને માણસામાં એક-બે મતદાન મથકોમાં ઈવીએમમાં ટેકનીકલ ક્ષતિ ઊભી થવાની ઘટનાઓ બની હતી, પરંતુ તંત્રની સતર્કતાના કારણે મતદાન પર તેની કોઈ જ વિપરીત અસર પડવા પામી ન હતી અને ગણતરીની મિનિટોમાં જ તે દુરસ્ત કરી દેવામાં આવ્યા હતા.

જિલ્લામાં ૬૫ પંચાયતોની આ ચૂંટણીમાં ૮૭૨ જેટલા ઉમેદવારો મેદાનમાં હતા, જે પૈકી ૨૭૦થી પણ વધુ મહિલા ઉમેદવારો હતાં. મહિલા સરપંચ પદ માટે ૨૬ ઉમેદવારો મેદાનમાં હતાં.

બીજા તબક્કાની આ ચૂંટણીમાં ૧૮ પંચાયતો સમરસ થઈ હતી જ્યારે ૩૦૦ વૉર્ડ સમરસ થવા પામ્યા હતા.

ગાંધીનગર તાલુકામાં પ્રાંતિયા ગામમાં માત્ર સરપંચની ચૂંટણી હતી તો પાલજ ગામમાં આજે રસાકસીભરી ચૂંટણીમાં મતદારોએ ભારે ઉત્સાહ દાખવી મતદાનમાં ભાગ લીધો હતો. પાલજની ચૂંટણીમાં રાજકીય અગ્રણીઓની દોડધામ વધુ જણાઈ હતી.

દહેગામના એક ગામમાં તો ૯૦ ટકા જેટલું ભારે મતદાન નોંધાયું હતું. કલોલ તાલુકામાં પણ લગભગ દરેક ગામમાં ૮૦ ટકા કે તેથી વધુ મતદાન થયાના અહેવાલો મળવા પામ્યા છે. માણસામાં પણ પેટા ચૂંટણી પછી આજની ચૂંટણીમાં મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો.

## પલ્સ પોલિયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેટલી સરેરાશ કવરેજ કરવામાં તંત્રને સફળતા મળી હતી. જો કે ગાંધીનગર શહેરી વિસ્તારમાં થોડોક નબળો પ્રતિસાદ સાંપડ્યો હોવાના અહેવાલો છે.

મળતી વિગતો પ્રમાણે રાંચરડા અને મોખાસણ કેન્દ્રો પર ૧૦૦ ટકાથી પણ વધુ કામગીરી નોંધાઈ છે. આ વેળાએ તંત્રએ મોબાઈલ ટીમોને વધુ સક્રિય કરી હતી અને તેને કારણે ૭૦૦ જેટલા ઈંટવાડા અને ભઠ્ઠાના મજૂરોના બાળકોને પણ સારી એવી સંખ્યામાં આવરી લેવામાં આવ્યા હતા.

કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકામાં આજે પલ્સ પોલિયોની સારી કામગીરી બજાવવા બદલ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્ય તથા ડૉ. આર. બી. પંડ્યાએ સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનના આજના બીજા તબક્કામાં ૩૫૦૦થી પણ વધુ કર્મચારીઓએ ફરજ બજાવી હતી. જિલ્લામાં ૯૦૦ જેટલા બુથ ઊભા કરવામાં આવ્યા હતા.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્યે જણાવ્યું હતું કે, બુથ કવરેજમાં બાકી રહી ગયેલા બાળકોને આગામી બે દિવસમાં ઘેર-ઘેર ફરી અને કર્મચારીઓ દ્વારા રસીના ટીપાં પીવડાવામાં આવશે.

## શબ્દાવલી - ૪૭૦૧



**આડી ચાવી**

૧. દીકરીનો દીકરો (૩)
૩. અર્થ 'ભાવાર્થ' (૪)
૬. દશરથ રાજાના મોટા પુત્ર (૨)
૭. પગલાનો અવાજ (૪)
૮. જંગલનો રાજા, સિંહ (૪)
૯. વરસાદ (૨)
૧૨. ખિતાબ, એવોર્ડ (૪)
૧૪. રૂપું, ચાંદી (૩)
૧૫. તરતનું, તાજુ (૨)
૧૬. રોકડા, ઉધાર નહિ તેવા (૩)
૧૮. મનાઈ, પ્રતિબંધ (૨)
૧૯. હેતુ, આશય (૨)

**ઊભી ચાવી**

૧. સિવણકામ માટે વપરાતું સુતર (૨)
૨. ખૂબ ઠંડી પડવી, બરફનો વરસાદ (૪)
૩. ભેજું, ખોપડીની અંદર રહેલ નરમ અવયવ (૩)
૪. દૂધને ગરમ કરતાં ઉપર થતું પડ (૨)
૫. મીઠું, સબરસ (૩)
૭. ફુલની રજ (૫)
૯. દેવ-દેવીઓએ આશા પુરી કરવા આપેલ વચન (૪)
૧૦. સ્થિર તારો, નિશ્ચલ (૨)
૧૧. ખુબ આદર સત્કાર (૪)
૧૨. આસોથી કારતક સુધીની ઋતુ (૩)
૧૩. પાતળો, લાડમાં પતિને કહેવાય (૪)
૧૫. નમસ્કાર (૩)
૧૭. વેગ, ઝડપ (૨)

### શબ્દાવલી ૪૭૦૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) તાજપોશી (૪) નુપુર (૫) બાપડુ (૭) ગીઝર (૮) ગળથુથી (૧૦) પોડુ (૧૧) છપરપગી (૧૩) ગડ (૧૪) લત (૧૫) શેરથા (૧૬) કાજ (૧૭) કાગજ (૧૮) કતરાવુ

**ઊભી ચાવી :-** (૧) તાજગી (૨) પોબાર (૩) શીપ (૬) ડુગડુગી (૯) થીગડથાગડ (૧૦) પોપસંગીત (૧૧) છલકાતુ (૧૨) પતજ (૧૩) ગરજ (૧૫) રોકાવું.

# મુખવાસ

● **વેકેશનમાં આપણે બાળકોના આજ્ઞાંક્તિ થઈને રહીએ...**

*વેકેશન પડ્યું છે ને તમારાં નાનાં- નાનાં બાળકોને ફાળ પડી છે...! 'મારા પેરન્ટસ મને હવે જાતજાતનાં અને ભાતભાતનાં કોચીંગ ક્લાસમાં ધકેલશે...' આખું વર્ષ બાળક વહેલી સવારે ઊઠીને શાળાના સમયે શાળાએ જાય, પછી ટ્યુશન માટે જાય, હોમવર્ક કરે... અને થાકીને સૂઈ જાય... ફરી એ જ દિનચર્યા. હવે માંડ વેકેશન પડ્યું છે. બાળકોને વેકેશનમાં તેમની મરજી મુજબ વર્તવા દો. રમવા દો. સમયની પાબંધી વિના ભાઈબંધો સાથે રખડવા દો. શાળાના શિડ્યુઅલ જેમ કોચીંગ કલાસમાં ન ધકેલશો. વહેલી સવારે ઊઠીને ક્રિકેટ કોચીંગ માટે જાય, આવીને તરત પરફોમીંગ આર્ટ કે હોબીની શિબિરોમાં જાય. જેમ તેમ જમીને કડકડાટ અંગ્રેજી કે ફટાફટ ગણિત શિખવા જાય. હજુ તો થાક ખાય ત્યાં કરાટે કલાસનો ટાઈમ થઈ ગયો. સાંજ પડે સ્વિમીંગ હોય અને સાથે સ્કેટીંગ પણ. મોડી સાંજે સંગીતના કલાસ હોય. બાળક કેશિયો કે ગિટાર વગાડે અને પથારીમાં ઢગલો થઈને પડે તે પહેલાં તો ક્રિકેટની કીટ તૈયાર કરીને એલાર્મ મુકી દીધું હોય.. ! આનું નામ વેકેશન ? મુર્ખ પેરેન્ટસ બાળકને રેસનો ઘોડો સમજે છે અને દરેક દોડમાં તે અવ્વલ આવે એવી લાલસા ધરાવે છે. બાળકોને પોતાની રસ- રુચિ પ્રમાણે એકાદ પ્રવૃત્તિ કરવા દો. બાકી વેકેશનના સમય પર તો બાળકોનો જ અધિકાર હોવો જોઈએ. વેકેશનના એક- દોઢ મહિનામાં જ બાળક જિનિયસ બની જાય એની અપેક્ષાથી આપણે બાળકનો કુદરતી વિકાસ રૂંધી રહ્યા છીએ. બાળક સામે માત્ર વિકલ્પો મુકો અને તેને પોતાની મરજી મુજબ અને મરજી પ્રમાણેની જ પ્રવૃત્તિ કરવા દો. બાકીના સમયમાં રમવા- રખડવા દો. આખું વર્ષ તમારું બાળક તમારું આજ્ઞાંકિત બનીને રહે છે. વેકેશનમાં પેરન્ટસે બાળકોના આજ્ઞાંકિત પેરન્ટસ બનીને રહેવું જોઈએ. બાળકોને પુરતો ટાઈમ આપવો જોઈએ. વેકેશન પર માત્ર અને માત્ર બાળકોનો જ હક્ક છે, આપણો નહીં.*

● **નર અને મધુરતા..! નર અને કોમળતા ?ના.. ના..**

*ઉનાળો આવ્યો. અનેક ઉકળાટ હશે પણ આ મોસમ કોયલના ટહૂકા, ગરમાળાની તાજગીભરી પીળાશ, સુગંધ સભર સાંજ, નવા પર્ણો- ફૂલોની સુગંધથી મહેકતો મંદ- મંદ પવન અને રાત્રે અગાશી પર તારા ગણતાં-ગણતાં મિંચાઈ જતી આંખો... ઉનાળાનો આ પણ વૈભવ છે. બળબળતી બપોરે ટાઢક પહોંચાડતા કોયલના ટહૂકા તો તમે સાંભળતા જ હશો, પરન્તુ તમને ખબર છે જે ટહૂકા કરે છે તે નર કોયલ છે. માદા કોયલને તો ગાતાં આવડતું જ નથી. નર કોયલના ટહૂકા જ આપણે સાંભળીએ છીએ. એવું જ બુલબુલમાં પણ છે. આપણે ભલે સૂર સામ્રાજ્ઞી લત્તાતાઈ મંગેશકરને 'ભારતની બુલબુલ' કહેતા હોઈએ. પણ માદા બુલબુલને તો ગાતાં આવડતું જ નથી. નર બુલબુલ જ સારા સ્વરમાં ગાઈ શકે છે. માદા બુલબુલ ગાઈ નથી શકતી. આપણા સંસ્કારો અને સંસ્કૃતિમાં સ્ત્રી દાક્ષિણ્ય એટલું બધું છે કે કદાચ એથી પ્રેરાઈને જ આપણે માદા કોયલ અને બુલબુલને જ જશ આપીએ છીએ !!!*

● **એસ.એમ.એસ. રત્ન કણિકા**

*સાહિત્યના એસ.એમ.એસ. પ્રકારમાંથી ચૂંટેલી રત્નકણિકા આપણે અહીં શેર કરીએ છીએ... આજનો એસ.એમ.એસ.. :*
*''ચાલીસ પછી ચાલીશ નહીં તો તું ક્યાંય ચાલીશ નહીં''*

## શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

ભારત પાછા ફરી પાલિતાણા રાજયમાં માત્ર રૂા. ૧૨૫/- ના માસિક વેતનથી રેવેન્યુ કમિશ્નરની નોકરી કરી. ભારત સ્વતંત્ર થતાં ૧૯૪૮ થી નિવૃત્તિ વય સુધી તેમણે જુદા જુદા પદોએ સરકારી નોકરી કરી. અને ૧૯૫૯ માં નાયબ કૃષિ અધિકારી તરીકે નિવૃત્ત થતાં તેઓ પરત પાલિતાણા આવ્યા. નિવૃત્તિના ત્રીસ વર્ષ ૧૯૮૯ ની ૨૩મી માર્ચે તેમનું અવસાન થયું ત્યાં સુધી સતત ઘઉંના સંશોધન અંગે પ્રયોગો કરતાં રહ્યાં હતા.

આવા સમર્થ વૈજ્ઞાનિક ધરતી પુત્રની ગૌરવગાથાને સુંદર રીતે આલેખીને સમાજ સમક્ષ મુકી બળવંતભાઈ તેમજ જયંતીભાઈએ એક મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. જે અભિનંદનનીય છે.

**ડો. ઝવેરભાઇ એચ. પટેલની સંશોધન ગાથા**
**આલેખન - બળવંત વી. પટેલ, જયંતિલાલ એસ. મેવાલા**
**પ્રકાશક - બળવંત વી. પટેલ એન્ડ જયંતિલાલ મેવાડા, પ્લોટ નં.૨૫૩/૧, સેકટર-૭/એ, ગાંધીનગર**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૧, કિંમત - રૂા. ૭૫ /-**

## પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

સંધ્યાને આપતાં જોઈ તેની બહેનપણીઓ તેના ફરતી વિંટળાઈ ગઈને એક સાથે બોલી ઊઠી ''હેલો સંધ્યા, કોંગ્રેચ્યુલેશન ફૉર ડિસ્ટીંગશન.''

'થેંક્યુ... થેક્યું...'

'હેલો સંધ્યા, કોંગ્રેચ્યુલેશન.'

'થેક્યું કરૂણા'

બધી બેનપણીઓ પાસ થઈ જતાં આનંદ વ્યક્ત કરતા હસતાં હસતાં એકબીજાને ભેટી પડ્યા. બેલ વાગવાની સાથે જ વિદ્યાર્થીઓ એ વિદ્યાર્થીઓ પોતપોતાનાં વર્ગમાં દાખલ થયાં.

પ્રોફેસર વર્ગખંડમાં દાખલ થતાં સૌ વિદ્યાર્થીઓએ તાળીઓના ગડગડાટ સાથે પ્રોફેસરનું અભિવાદન કર્યું. પ્રોફેસરે બે હાથ જોડી વિદ્યાર્થીઓનું અભિવાદન સ્વીકાર્યું. વિદ્યાર્થીઓ શાંત થતા પ્રોફેસર બોલ્યાં. 'સંધ્યા કૉલેજમાં ડિસ્ટીંગશન માર્કસ સાથે કૉલેજ ફર્સ્ટ આવે છે. તેને ખુબ ખુબ અભિનંદન' સંધ્યા કૉલેજ ફર્સ્ટ આવતાં વિદ્યાર્થીઓ તાળીઓ પાઠવા લાગ્યા. સંધ્યાને તાળઈઓના ગડગડાટ સાથે સંધ્યાને અભિનંદન આપ્યા. સંધ્યાએ સૌ મિત્રોનું અભિનંદન સ્વીકારતાં હસતાં હસતાં કહ્યું, 'થેંક્યુ... થેંક્યું...' બોલતાં તેની જગ્યા પર બેસી ગઈ.

સમગ્ર કૉલેજમાં સંધ્યા છવાઈ ગઈ હતી. તેના પર કૉલેજના સમગ્ર પરિવારને લાગણી હતી. સંધ્યા ખુબ જ રૂપાળી હોવાથી તેના પર કેટલાક યુવાન પ્રૉફેસરો પણ આકર્ષાયા હતા. તેની સાથે વાતો કરવા તેને મળવા ઉત્સુક રહેતા. દિનપ્રતિદિન તેનું ધ્યાન રાખતા હતા. તેણી કયારે આવે છે! કયા જાય છે! ફ્રી પિરીયડમાં શું કરે છે? કોની સાથે ફરે છે, કૉલેજ જવા કેટલા વાગે નીકળે છે. બસમાંથી કેટલા વાગે ઉતરે છે. કેટલા વાગ્યાની બસમાં ઘેર જાય છે, તેનું ધ્યાન રાખતા હતા. કેટલાક યુવાનોતો તેની રાહ જોતા બસ સ્ટેન્ડ ઉભા રહેતાં.

(ક્રમશઃ)